# સ્વચ્છ ગાંધીનગર સ્વસ્થ ગાંધીનગર અભિયાન માટે અનુભવ નિચોડવાતો

## નગરની સ્વચ્છતા જાળવવામાં મહાનગરપાલિકાનું તંત્ર નિષ્ફળ : નગરસેવકો જવાબદારી નિભાવે



ગાંધીનગર સમાચાર અને શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ ખરેખર પાટનગરના શહેરીજનોની દુઃખતી રગ પકડી છે. રહેવાસીઓએ મોટી હોંશથી ગાંધીનગર મહાનગરપાલિકાને વધાવી હતી, પરંતુ ફક્ત ત્રણ વર્ષમાં પાટનગરવાસીઓને અહેસાસ થઈ ગયેલ છે કે આના કરતાં 'નોટીફાઈડ'ની કામગીરી સારી હતી. કમસેકમ સામાન્ય લોકોની સફાઈ, ગંદકી, દૂર કરવાની વ્યક્તિગત રજૂઆતને ધ્યાને લઈ, અધિકારીઓ કામ કરતા હતા. આજે સામાન્ય જન-મહાનગરપાલિકાના આગમનને અનેક કારણોસર વખોડી રહ્યો છે. લોકોની અપેક્ષાએ ગાં.ન. શહેર મહાનગર પાલિકા ઊણું ઊતર્યું છે. સફાઈના નામે તો મીંડુ છે. ચૂંટાયેલ-આપણા નગર સેવકો-સેવક રહ્યા નથી. ૩૩ માંથી ભાગ્યેજ - ત્રણ નગર સેવકો તેમના વિસ્તારમાં નિયમિત ફરે છે.

આ પાટનગરમાં ખાસ કરીને નવા સેક્ટરોમાં તો ઘરેઘરે કચરો એકઠો કરવાનું અને શેરી સફાઈનું કામ - દરેક મકાન માલિક દર મહિને ખાનગી સફાઈ કામદારને રૂ. ૩૦ થી રૂ. ૫૦ આપીને પોતાનો વિસ્તાર સાફ કરાવે છે. મહાનગર પાલિકા તો ફક્ત સરકારી આવાસો, કચેરીઓ કે વી.આઈ.પી. વિસ્તારમાં જ સફાઈ કરાવે છે. સેક્ટર-૭-ડી માં તો અમો દર મહિને રૂ. ૫૦ લેખે - ગુણતા વર્ષે રૂ. ૬૦૦ (છસો) આપીએ છીએ. તો પણ કોમન પ્લોટ, બગીચાની આસપાસ, કન્ટેઈનરની પાસે સફાઈ થતી નથી. અરે ! અમે તો મહાનગરપાલિકાના સફાઈ કામદારોને અમારા વિસ્તારમાં જોયા જ નથી. સેક્ટર-૭માં જ્યાં થોડા દિવસ પહેલાં - સફાઈ અભિયાન ચલાવવાનું શરૂ થયું હતું. સે. ૭-ડી સંસ્થા તરફથી ત્રણ-ચાર વિસ્તારમાં ખૂબજ ગંદકી-કચરાની-બે વાર ફરિયાદ રજૂઆત કરવામાં આવી હતી. પરિણામ શુન્ય - ખરેખર તો જે-તે વોર્ડના

> સ્વચ્છતા જાળવણી અત્રેના આપનાં સૂચનો, અનુભવોની વાત આવકાર્ય છે. લોકસંસદમાં સહચિંતન માટે આમંત્રણ છે.
> - તંત્રી

નગરસેવકોએ તેમના વિસ્તારમાં નિયમિત રાઉન્ડ લેવો જોઈએ અને જ્યાં જ્યાં કચરો-ગંદકી-ગંદવાડ દેખાય તેની જાણ સંબંધિત વોર્ડ કચેરીને કરવી જોઈએ. નગર સેવકોએ તેમના વિસ્તારના અગ્રણીઓને મળીને ક્યાં ક્યાં સફાઈ કરવાની જરૂર છે તેની પણ માહિતી મેળવવી જોઈએ. સેક્ટર-૭ના શોપીંગ સેન્ટર, પાર્કીંગમાં ઊભી રહેતી શાકભાજીની લારીઓનો વિસ્તાર, સુવિધા કચેરીના સામે આવેલ બગીચાની પાછળ સાઈડ, સેક્ટરોના બગીચાની આગળ-પાછળ પુષ્કળ કચરો છે, બધાં જાણે છે, અમારા જેવા કેટલાક લોકો સફાઈ સુપ્રીન્ટેન્ડન્ટને જાણ પણ કરે છે પણ સફાઈ થતી નથી.

ગા.ન. મહાનગરપાલિકા પાસે અત્યારે ફક્ત સફાઈની જ કામગીરી છે, તેમાં પણ આપણી મહાનગરપાલિકા નિષ્ફળ નીવડી છે. લોકો તો ખાનગી સફાઈ કામદારોને પૈસા આપી પોતાના વિસ્તાર સાફ કરાવે જ છે. પરંતુ સેક્ટરોના આંતરિક રસ્તાઓ, જાહેર બગીચા, જાહેર વિસ્તારમાં સફાઈ થતી જ નથી. જેની જવાબદારી મનપાની છે.

સેક્ટર-૭-ડીની શહેરીજન સંસ્થા (પૂર્વ વસાહતમંડળ) છેલ્લા વીસ વીસ વર્ષોથી જાહેર સફાઈ માટે લોકદરબારોમાં વારંવાર રજૂઆત કરતી રહી છે. માનનીય જિલ્લા પ્રભારી મંત્રીશ્રી, જિલ્લા પ્રભારી સચિવશ્રી - અનેકવાર સૂચના આપતા રહ્યા છે, તો પણ નિંધણવું તંત્ર જાગતુ નથી. જ્યાં મૂળભૂત રીતે સફાઈ જ ન થતી હોય ત્યાં આપણે - રખડતાં ઢોરનો ત્રાસ, કૂતરાઓનો ત્રાસ, જાહેરમાં પેશાબ કરતાં લોકો માટે મૂતરડી ઊભી કરવી, (વન વિસ્તારમાં-સફાઈ), ઝૂંપડપટ્ટી દૂર કરવાની રજૂઆત કરીએ તો પણ પરિણામ તો શુન્ય જ છે ને !! ગાંધીનગર પાટનગર સૌનું છે છતાં કોઈનું નથી !!!

*- જયંત જી. ભટ્ટ, સેક્ટર-૭-ડી*

### શહેરની સ્વચ્છતા માટેના મેયરના વચનો અધૂરાં રહ્યાં

ગાંધીનગર શહેરની રચના સમયે આ શહેર ફક્ત સરકારી કચેરીઓ, સરકારી મકાનોનું સહેર હતું. ગાંધીનગરમાં વાણિજ્ય વેપારની સાથે ખાનગી આવાસો અને ગૃહ મંડળીઓ વધતાં, નવા સેક્ટરોમાં સરકારી કર્મચારીઓને જમીન ફાળવાતા શહેરની વસ્તી અને વિસ્તાર ખૂબ વધી ગયેલ છે. પરંતુ વિસ્તાર વધવાની સાથે સફાઈ-સ્વચ્છતાની વ્યવસ્થા કમનસીબે વધી નથી.



પરિણામે સરકારી કચેરીઓ-આવાસો અને વી.આઈ.પી. વિસ્તાર અને વી.આઈ.પી. સેક્ટરો સિવાય સફાઈનું કામ તળિયે ગયું છે. મોટાભાગની સોસાયટીઓના રહેવાસીઓને તેમના ઘરના કચરાની સફાઈ માટે ખાનગી માણસો રોકીને સફાઈકામ કરવાની ફરજ પડે છે.

કોઈપણ નગર પાલિકાની પ્રાથમિક જવાબદારી શહેરની સફાઈ અને રખડતા ઢોર, કૂતરાંઓનો ત્રાસ દૂર કરવાની રહે છે. પરંતુ દુઃખ સાથે નોંધવુ પડે છે કે ગાંધીનગર મહાનગરપાલિકા ઉપરોક્ત બન્ને બાબતોમાં નિષ્ફળ નીવડેલ છે. પરિણામે સેક્ટરોના મુખ્ય માર્ગો, આંતરિક રસ્તાઓ, કોમન પ્લોટો અને જાહેર વન વિસ્તારો નધણિયાતો થઈ ગયા છે. મહાનગરપાલિકાના સફાઈ કામદારો-કોમન પ્લોટો, સેક્ટર બગીચાની બહારની આજુબાજુ, વન વિસ્તારમાં સેક્ટરોના આંતરિક રસ્તાઓની સફાઈ કરતા જ નથી, એટલું જ નહી, સેનેટરી અધિકારીઓ આવા વિસ્તારની મુલાકાત લેતા નથી કે સેક્ટરોના પ્રતિનિધિઓ સાથે વિચાર વિમર્શ કરી સફાઈ સારી રીતે થાય તેવું આયોજન પણ કરતા નથી.

પ્રસંગોપાત જણાવવાનું કે અગાઉ જાન્યુ. ૧૨માં સહેરના પ્રથમ મેયરશ્રી સાથે શહેરની કેટલીક અગ્રગણ્ય સંસ્થાઓના પદાધિકારીઓએ શહેરની સફાઈ અને સુઘડતા અંગે વાર્તાલાપ યોજ્યો હતો. ત્યારે મેયરશ્રીએ નગરના ચાર ઝોન બનાવી દરેક ઝોનની જવાબદારી એક જવાબદાર અધિકારીશ્રીને સોંપેલા જણાવેલ હતું. શહેરની સફાઈનો પ્રશ્ન હલ થઈ જશે તેવી ખાત્રી આપી હતી. પરંતુ પાલિકાએ તેનો અમલ કર્યો નથી.

મહાનગરપાલિકાને સત્તા સંભાળ્યાને અઢી વર્ષ જેટલો સમય પસાર થઈ જવા છતાં, સફાઈના પ્રશ્ને આયોજન વિના કાર્યવાહી, કચરાપેટીઓ છલકાઈ જવા છતાં સમયસર તે ઉઠાવવા-ખાલી કરવામાં બેદરકારી, હજારો બેઘર મજૂર પરિવારો દ્વારા ખુલ્લામાં શૌચને કારણે માથુ ફાડી નાખે તેવી ગંદકી, શોપીંગ સેન્ટરોમાં અને શાકમાર્કેટની અંદર તથા બહાર તેના માલિકોના ખર્ચે નિયમીત સફાઈ કરાવવાના આયોજનનો અભાવ ગંદકી માટે જવાબદાર છે.

મહાનગરપાલિકા આવા પ્રશ્નો ગંભીરપણે અને સક્રીય રીતે વિચારણા કરે, શહેરની સફાઈ સારી રીતે થાય તેવું સુઆયોજન કરે, જરૂર જણાય તો શહેરની સ્વૈચ્છિક સામાજીક સંસ્થાઓનો સહકાર લે અને ગુજરાતનું પાટનગર ગ્રીન સીટી સાથે ક્લીન સીટી કહેવાય તેવી શહેરીજનોની અપેક્ષા છે.

*- નિરંજન ઓઝા (મહામંત્રી)*
*જાગૃત નાગરિક પરિષદ, સે. ૨*

**લોકસંસદ**
આવો, સહચિંતન કરીએ
**જ્યોતીન્દ્ર દવે**
મો : ૯૮૨૯૦૯૦૯૮૩
Email : jyotindradave@gmail.com



કડકડતી ઠંડીનો ચમકારો-શિયાળાની ઋતુનો ચમત્કાર-સૌ નાગરિકો ઠંડીમાં ઠુંઠવાઈ જતા ગરમ વસ્ત્રો, રજાઈ, સ્વેટર, ટોપી, મફલર ગરમ કોટનો ઉપયોગ કરી હુંફ મેળવવા પ્રયત્નશીલ બન્યા છે. વહેલી સવારે, ઢળતી સાંજે, મોડી રાત્રે નાગરિકોને ઘરમાં પુરાઈ રહેવાની નોબત આવી છે. જયારે અમુક લોકો ઘરમાં હીટર ચલાવી ગરમાવો મેળવી રહ્યા છે. શ્રમજીવી પરિવારો ઘરની આગળ સુકા લાકડાં ભેગા કરી તાપણી સળગાવી સૌ સાથે હળીમળી તાપી રહ્યા છે. જેમાં ચિલોડા ચાર રસ્તાના ઝુંપડાવાસીઓ તથા શ્રમજીવી પરિવારોની મહિલાઓ લુકા લાકડાનો ભારે માથે લઈ ઘરે આવી રહી છે. આ લાકડાનો મહિલાઓ અન્ય લોકોને વેચાણ કરી વધુ કમાણી કરી રહી છે. શિયાળામાં ગરીબ પરિવારોમાં ગેસના બાટલા હજુ ઘરે પહોંચ્યા નથી પરંતુ ચૂલા દ્વારા રસોઈ બનાવતી મહિલાઓ માટે સૂકા લાકડા વધુ આર્શીવાદ રૂપ બન્યા છે. હાલમાં સુકા લાકડાનો ભારો અંદાજે ૧૫૦થી ૨૦૦ રૂપિયાના ભાવે અન્યને વેચવામાં આવે છે. આમ સાંજે બીજા લોકો લાકડાના ભારાની ખરીદી કરવા ઈન્તેજાર માલુમ પડે છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# શિયાળુ સીઝનમાં રાસાયણિક ખાતરનો વપરાશ વધતાં ખેડૂતોએ ખાતરનો સપાટો બોલાવ્યો

## પ્રાંતિજ-બાયડ તાલુકામાં યુરિયાની તંગીના પગલે ખેડૂતો ખાતર માટે ચિલોડા લેવા દોટ મૂકી રહ્યા છે

ચિલોડા, તા.૨૨

સમગ્ર રાજયમાં રવિ સિઝન પૂરબહાર ખીલી ઉઠી છે. જેમાં ઘઉં, રાયડો, એરંડા, રજકો તથા શાકભાજીની સીઝનનો પ્રારંભ થઈ ચૂકયો છે. હવે પાકના વિકાસ અને વૃધ્ધિ માટે રાસાયણિક ખાતર ટોનિક તરીકે કામ કરે છે. દર વર્ષે સીઝનમાં યુરીયાની ભારે માંગ વધતા યુરિયાની તીવ્ર અછત ઉભી થાય છે.

ગાંધીનગર તાલુકાનું એક માત્ર જંકશન મથક ગણાતું ચિલોડા બજાર ખેડૂતો ખાતર-બિયારણ-જંતુનાશક દવાઓ, ખેતી વિષયક ઓજારોની ખરીદી માટેનું સરળ કેન્દ્ર હોવાથી ખાતર-બિયારણની દુકાનોનો રાફડો ફાટયો છે. પરિણામ સ્વરૂપે રવિ સિઝનમાં ચિલોડા વિસ્તારમાં બટાકા-ઘઉં - એરંડા-રાયડો-ભીંડાનું વાવેતર તરફ વધુ ઝોક ખેડૂતો આપી રહ્યા છે. હવે જમીનની ફળદ્રુપતાના વિકાસ અને વૃધ્ધિમાં નાઈટ્રોજન યુકત ખાતર અનિવાર્ય બન્યું છે. રાસાયણિક ખાતર જો વપરાશ વિના છૂટકો નથી. ખેડૂતો ટ્રેકટરો લઈ દોડધામ કરી રહ્યા છે. હાલમાં ઘઉંમાં ભીંડામાં વધુ યુરિયા ખાતરનો વપરાશ વધતાં ખાતરના ઉપાડ કરતાં સરકારી મંડળીઓમાં ખાતરનો જથ્થો ખલાસ થતાં ખેડૂતો વધુ ચિંતાતુર બન્યા છે. જયારે હજુ ચિલોડા ખાતે પ્રાંતિજ તથા બાયડ તાલુકામાં યુરિયા ખાતરની તીવ્ર અછત વર્તાતા ખેડૂતો વાહનો લઈ ખાતરની ખરીદીમાં વધુ રસ દાખવી રહ્યા છે. અહીંયા દૂર દૂરના ખેડૂતો ચિલોડા ખાતે વધુ ખરીદી કરતાં



અનેક દુકાનોથી ધમધમી રહ્યું છે. અહીંયા દરેક પ્રકારની ચીજ વસ્તુની ખરીદીનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. પરિણામે ચિલોડા નજીકના વિસ્તારોના ખેડૂતો મોંઘુદાટ બિયારણ-ખાતરો દવાઓ હરહંમેશ ઉપયોગ કરવા ટેવાઈ ગયા છે. હાલમાં રવિ સિઝનમાં ખાતરની જરુરિયાતને ધ્યાનમાં રાખી ખાતરનો સપાટો બોલાવી દીધો હોવાનું જાણવા મળે છે. સહકારી મંડળી ખાતરની માંગ પ્રમાણે વધુ જથ્થો મંગાવવા તજવીજ હાથ ધરી છે.



# ચિલોડા વિસ્તારમાં ગવાર કાપણીનું કામ પુરજોશમાં

ગુજરાતમાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ખરીફપાક તરીકે કપાસ, એરંડા, ગવાર-મગફળીનું વાવેતર સારા પ્રમાણમાં થયું હતું. જેમાં બિન ખર્ચાળ ખેતીમાં અગાઉના વર્ષોમાં દેશી ગવારનો વિક્રમજનક ભાવથી ખેડૂતોએ પાક પેટર્ન બદલી હતી. પરિણામે ઓછી મહેનત, ઓછો ખર્ચ અને વધુ લાભ વાળી ખેતીપાકમાં ગવારના વાવેતરને પ્રાધાન્ય આપ્યું હતું. પરિણામે ગવારનું વિક્રમજનક વાવેતર થવા પામ્યું હતું. હવે ખેતરોમાં ગવારની સીઝન પૂર્ણતાના આરે હોવાથી ગવાર કાપણીનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે. આમ છતાં હાલમાં ગવારનો બજારભાવ ખૂબ જ નીચો હોવાથી ખેડૂતોની કાપણી ખર્ચ વધુ વેઠવાનો વારો આવ્યો છે. આમ પાછોતરા વરસાદે ગવારની ખેતીને નુકસાન કરતાં ગવારના પાકને અસર થતા ઉત્પાદનને અસર થવા પામી છે. હાલમાં ખેડૂતો ભાવ અને ઉત્પાદન અંગે વધુ ચિંતાતુર બન્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# પોલીસ હવે અગત્યનાં જાહેરનામા નગરજનોને એસએમએસથી મોકલશે

## બલ્કમાં મેસેજ મોકલવા મોબાઈલ નંબરનો ડેટા કલેકટ થઈ રહ્યો છે : જરુરી જાહેરાતો પણ મેસેજથી કરાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત વિવિધ યોજનાઓ તથા કાર્યક્રમો ઘડાઈ રહ્યા છે ત્યારે નગરજનોને જાહેરનામા સહિત કેટલાક અગત્યના સંદેશા તથા જાહેરાત સમયસર મોકલી શકાય તે માટે બલ્ક એસએમએસની મદદથી મેસેજ કરી માહિતગાર કરવાની સ્કીમ પણ અમલી કરાઈ રહી છે.

ગાંધીનગરની સ્વૈચ્છીક-સામાજીક સંસ્થાઓના સભ્યો, પેન્શનર્સ સભ્યો, સિનિયર સિટીઝન્સ સહિત તમામ નગરજનોનો મોબાઈલ નંબર સહીતનો ડેટા મેળવાઈ રહ્યો છે. પોલીસ પાસે હાલ જેટલો ડેટા એકત્રિત થયેલો છે તે તમામને મેસેજથી નોટીફીકેશન્સ કે અન્ય જાહેરાતોની જાણ કરવા તૈયારી દર્શાવી દીધી છે. બીજા નગરજનોનો ડેટા કલેકટ થયા બાદ તે તમામને પણ આ સેવામાં આવરી લેવામાં આવશે. કોઈ મોટી રેલી કે સભા સમયે તાત્કાલિક રોડ બંધ કરીને ડાયવર્ઝનના નિર્ણયો લેવાય છે તે સમયે પણ આ સેવા નગરજનો માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેમ જિલ્લા પોલિસ વડા શરદ સિંઘલે જણાવ્યું હતું.

### આજે સુંદરકાંડ પાઠ યોજાશે

પંચમ સોપાન સુંદરકાંઠ પાઠ તા. ૨૩ સોમવાર બપોરે ૨-૦૦ કલાકે નવરાત્રિ ચોક સે-૨૭ ખાતે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### શહેરનું ગૌરવ



શહેરની દિકરી કુ. વિક્ષા સચિન ભટ્ટ દિલ્હી ખાતે શિક્ષણ મેળવે છે. જેને દિલ્હી 'વંદના ઈન્ટરનેશનલ સ્કુલ' તરફથી બેસ્ટ પરફોર્મન્સ ઈન એજયુકેશનની ટ્રોફી મળી છે. વિક્ષાએ અગાઉ પણ 'બોસ્ટ ઓબીડીયન્ટ સ્માર્ટ સ્ટુડન્ટ'નો એવોર્ડ મેળવેલ છે. એવોર્ડ મેળવી વિક્ષાએ ગાંધીનગર અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

### અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મેડીકલ સોસાયટી દ્વારા અંધશ્રદ્ધા નુિવારણ કાર્યક્રમ તા. ૨૯ રવિવારના રોજ નાથીબા કોલેજ હોલ ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમમાં ઢોંગીયો કેવી રીતે ચમત્કારો બતાવે છે તેની વિસ્તૃ સમજ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં મેડીકલ સમાજના પરિવારોએ હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૬
સૂર્યાસ્ત : ૬.૧૪

## તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૦૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૪૧ ટકા

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫,૯.૫૫
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૧.૪૦, ૫.૨૫, ૯.૧૦
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૧૦, ૬.૫૫, ૧૦.૨૫

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સૂર્યા, વાવોલ**

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
આર કુમાર : ૧૨.૧૫, ૬.૪૫

**ચિરાગ, કલોલગ, કલોલ**

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંપત્તિ ખરીદારીમાં લાભ થશે. નવા વિચારો અથવા યોજનાઓ પર ચર્ચા વિચારણા થશે. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

**વૃષભ** : માનસિક શાંતિ જાળવી રાખવી. આરોગ્ય સુધારો થઈ શકશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**મિથુન** : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ.

**કર્ક** : ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

**સિંહ** : વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે.

**કન્યા** : મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. વ્યાપાર મધ્યમ રહશે. કુટુંબમાં વાતાવરણ નિરાજનક રહે.

**તુલા** : સ્ફૂર્તિ અને જોશ રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્તિ મળી શકે છે. કોઈ વ્યક્તિગત સમસ્યા ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ રહેશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. માન-સન્માન પ્રાપ્ત થશે.

**ધન** : વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**મકર** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કુંભ** : મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**મીન** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તીભાઈ કેશવલાલ નાયી (ઉ.વ. ૭૨) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રણમલસિંહ મોતીભાઈ પરમાર (ઉ.વ. ૭૭) પ્લોટ નં. ૮૮૫/૧, સેકટર-૭/સી, ગાંધીનગર.
- સ્વ. વાલાભાઈ રવાભાઈ ભરવાડ (ઉ.વ. ૭૦) મુ.પો. હાલીસા, તા.દહેગામ, જિ. ગાંધીનગર.